બાબુ રાયકા અને દર્શન દેસાઈની કોંગ્રેસના નિરીક્ષક તરીકે વરણી

સુરતઃ અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સમિતિ દ્વારા સિનિયર નેતાઓને જિલ્લા પ્રમાણે નિરીક્ષકોની સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સિનિયર નેતાઓની ચાર-ચાર નિરીક્ષકોની પેનલ બનાવી નવા જિલ્લા પ્રમુખોની પસંદગી કરવામાં આવનાર છે, જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના આગેવાન, પૂર્વ શહેર પ્રમુખ અને સુરત મહાપાલિકાના પૂર્વ વિપક્ષી નેતા બાબુ કે.રાયકા (એડ્વોકેટ,નોટરી)ની ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી, નિરીક્ષક તરીકે નિમણૂક કરવામાં આવી છે. સાથે જવાહર ઉપાધ્યાય, હસમુખ દેસાઈ, દર્શન નાયકની નિમણૂક થઈ છે.

આ નિમણૂક કરાયેલા તમામ સિનિયર નિરીક્ષકોની પ્રથમ મિટિંગ મંગળવારે રાષ્ટ્રીય કોંગ્રેસના નેતા અને લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીના અધ્યક્ષ સ્થાને અમદાવાદ ખાતે મળી હતી, જેમાં નિમાયેલા નિરીક્ષકો સાથે મિટિંગ કરી સંગઠન મજબૂત કરવા માર્ગદર્શન આપ્યું હતું.

યુનિફોર્મ સિવિલ કોડ સામે સુન્ની ઉલ્માઓનો વિરોધ

પ્રતિનિધિમંડળ સાથે કલેક્ટર કચેરીએ રજૂઆત કરી

સુરતઃ યુનિફોર્મ સિવિલ કોડ (UCC) સામે દેશવ્યાપી વિરોધ વચ્ચે સુરત શહેરમાં મંગળવારે સુન્ની ઉલ્માઓએ શાંતિપૂર્ણ રીતે કલેક્ટર કચેરીએ પહોંચી રાજ્ય સરકારને લેખિત રજૂઆત કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર સુન્ની ઉલ્માઓએ રાષ્ટ્રીય સ્તરે લાગુ કરવા માટે ચર્ચાસ્પદ બનેલા યુનિફોર્મ સિવિલ કોડ વિરુદ્ધ પોતાનો વિરોધ રજૂ કર્યો હતો અને તે તેમના ધર્મ, પરંપરા અને જીવનશૈલી પર અપ્રત્યક્ષ અસર કરે તેવો દાવો કર્યો હતો. ગત સપ્તાહે મકાઈ પુલ વિસ્તારમાં મુસ્લિમ મહિલાઓએ પણ યુનિફોર્મ સિવિલ કોડ સામે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. શહેરમાં સતત વધી રહેલા આ અવાજ વચ્ચે ઉલ્માઓએ સામૂહિક રીતે કલેક્ટર કચેરી સુધી પગપાળા જઈ પોતાની વાત રજૂ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, યુનિફોર્મ સિવિલ કોડ મુદ્દે દેશભરમાં મતો વિભાજિત છે અને અનેક સમાજો દ્વારા વિવિધ સ્તરે વિરોધ કરવામાં આવી રહ્યો છે.

મુર્શિદાબાદનાં હિન્દુ પરિવારો પોતાના જ દેશમાં શરણાર્થી બની ગયાં છે

પશ્ચિમ બંગાળ ભારતમાં છે કે પાકિસ્તાનમાં તેવો પ્રશ્ન પેદા થયો છે. પશ્ચિમ બંગાળને વક્ફ કાયદાના નામે સળગાવવામાં આવી રહ્યું છે. મુર્શિદાબાદ સંપૂર્ણપણે હિંસાની પકડમાં છે. લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી રહી છે. નવા વક્ફ કાયદાને લઈને થયેલી હિંસામાં અત્યાર સુધીમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા છે. આમાં ૭૨ વર્ષીય હરગોવિંદ દાસ અને તેમના ૪૦ વર્ષીય પુત્ર ચંદનદાસનો સમાવેશ થાય છે. બંનેને તેમના ઘરમાંથી ખેંચીને બહાર કાઢવામાં આવ્યા હતા અને ટોળાંએ તેમની હત્યા કરી હતી. જો કે ૨૦૦ થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને પોલીસ દાવો કરે છે કે પરિસ્થિતિ સામાન્ય થઈ રહી છે, પરંતુ હિંસાગ્રસ્ત વિસ્તારો છોડીને ગયેલાં હિન્દુ લોકોને આ વાતની ખાતરી નથી. મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા મુર્શિદાબાદમાંથી ઘણાં હિન્દુઓ પોતાનો જીવ બચાવવા માટે ઘર છોડીને ભાગી ગયાં છે. કોઈક રીતે BSFના કારણે તેનો જીવ બચી ગયો છે. આ લોકો પોતાનું રક્ષણ કરી રહ્યાં છે. પરલાપુર શાળા હવે રાહત શિબિરમાં પરિવર્તિત થઈ ગઈ છે. અહીં સેંકડો પરિવારો રહે છે. મુર્શિદાબાદ હિંસાને કારણે લગભગ ૪૦૦ થી ૫૦૦ હિન્દુઓએ તેમનાં ઘર છોડીને આ શાળામાં આશરો લીધો છે. આ પરિવારો ગંગા પાર કરીને અથવા ૬૦ કિલોમીટર ચાલીને અહીં પહોંચ્યાં છે. અહીં આવેલાં પરિવારોને ખબર નથી કે તેઓ ક્યારે પોતાના ઘરે પાછા ફરશે? મુર્શિદાબાદની આગ હવે અન્ય વિસ્તારોમાં ફેલાઈ રહી છે.

પરલાપુર શાળામાં આશ્રય લેનારી ૨૪ વર્ષીય સપ્તમી મંડલ કહે છે કે તે પોતાના જ દેશમાં શરણાર્થી બની ગઈ છે. ધુલિયાણમાં રહેતી સપ્તમીના પતિ કોલકાતામાં મિકેનિક તરીકે કામ કરે છે. મુર્શિદાબાદ હિંસાની પીડા વર્ણવતાં તે કહે છે કે શુક્રવારે ટોળાંએ અમારા પાડોશીના ઘરને આગ લગાવી દીધી અને અમારા ઘર પર પથ્થરમારો કર્યો. હું અને મારાં માતાપિતા અંદર છુપાઈ ગયાં અને સાંજે જ્યારે ભીડ ગઈ ત્યારે બહાર આવ્યાં. ત્યાં સુધીમાં BSF એ પેટ્રોલિંગ શરૂ કરી દીધું હતું. અમારી પાસે ફક્ત એ જ કપડાં બાકી છે જે અમે પહેર્યાં હતાં. બીએસએફની મદદથી અમે ગંગા નદીના ઘાટ પર પહોંચ્યાં હતાં. અમે હોડીમાં બેસીને નદી પાર કરી. પરલાપુર હાઈસ્કૂલમાં આશરો લઈને રહેતાં હિન્દુ પરિવારો સુતી, ધુલિયાણ અને સમહેરગંજ જેવા વિસ્તારોનાં વતની છે.

આ પહેલાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ પશ્ચિમ બંગાળમાં બાંગ્લા દેશીઓની ઘૂસણખોરી અંગે મમતા બેનર્જી સરકાર પર ગંભીર આરોપો લગાવ્યા છે. અમિત શાહે કહ્યું હતું કે સરહદ પર વાડ કર્યા પછી પણ લગભગ ૨૫૦ કિ.મી.નો વિસ્તાર એવો છે જ્યાં નદીઓ, નાળાંઓ અને મુશ્કેલ ભૌગોલિક પરિસ્થિતિઓને કારણે વાડ લગાવવી શક્ય નથી. ૪૦૦ કિલોમીટર લાંબી સરહદ છે, જ્યાં બંગાળ સરકાર અમને વાડ કરવા માટે જમીન આપી રહી નથી. તેમણે દાવો કર્યો હતો કે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બાંગ્લા દેશથી સરહદ પાર કરનારાં ઘૂસણખોરોને ભારતીય દસ્તાવેજો મેળવવાની મંજૂરી આપી હતી. આ બધા મતદાર કાર્ડ બંગાળના ઉત્તર ૨૪ પરગણાં જિલ્લામાં બનાવવામાં આવ્યા છે. મમતાનું આ વલણ મુર્શિદાબાદની વસ્તી પરથી સમજી શકાય છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ, મુર્શિદાબાદ જિલ્લાની કુલ વસ્તી ૭૧,૦૩,૮૦૭ છે. આ જિલ્લો મુસ્લિમ બહુમતી ધરાવતો છે, જ્યાં લગભગ ૭૦% વસ્તી મુસ્લિમ સમુદાયની છે. એટલે કે લગભગ ૪૯.૭ લાખ મુસ્લિમો અને ૨૧.૩ લાખ હિન્દુઓ છે. બહુમતી મુસ્લિમ વસ્તી ધરાવતો આ જિલ્લો ટીએમસીની મજબૂત વોટ બેંક છે. મમતાની ફૂણી લાગણી આ વોટ બેંકને ગુસ્સે ન કરવા માટે એક રણનીતિ છે, કારણ કે લઘુમતી સમુદાયનો ટેકો તેમની શક્તિની ચાવી છે.

નવા વક્ફ કાયદાના વિરોધના નામે પશ્ચિમ બંગાળમાં તાજેતરમાં થયેલી હિંસા અંગે કેન્દ્રીય તપાસ એજન્સીઓએ ચોંકાવનારા ખુલાસા કર્યા છે. તપાસમાં હવે એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે આ હિંસા પાછળ બાંગ્લા દેશ સ્થિત આતંકવાદી સંગઠન અંસાર ઉલ બાંગ્લા ટીમ (ABT) નો હાથ હોઈ શકે છે. ભારત-બાંગ્લા દેશ સરહદને અડીને આવેલા વિસ્તારોમાં ABT સ્લીપર સેલ સક્રિય છે, જેઓ લાંબા સમયથી આ તોફાનોનું આયોજન કરી રહ્યા હતા. છેલ્લા ૩ મહિનાથી વિસ્તારનાં લોકો આ ઘટનાને અંજામ આપવાની યોજના બનાવી રહ્યા હતા. આ માટે વિદેશથી ભંડોળ પ્રાપ્ત થયું છે. કેન્દ્રીય તપાસ એજન્સીઓને મળેલા પુરાવા એ હકીકત તરફ નિર્દેશ કરે છે કે શરૂઆતમાં રામ નવમીની તારીખ નક્કી કરવામાં આવી હતી. જો કે, કડક સુરક્ષા વ્યવસ્થાને કારણે પરિસ્થિતિ બદલાઈ અને પછી નવા વક્ફ કાયદાએ તે ટ્રિગર પોઇન્ટ આપ્યો હતો. તપાસ એજન્સીને એવી પણ શંકા છે કે આ સ્લીપર સેલ મુર્શિદાબાદ સિવાય ભારત-બાંગ્લા દેશ સરહદ પરના અન્ય સરહદી જિલ્લાઓમાં પણ આવી જ હિંસા કરવાની યોજના બનાવી રહ્યું છે. તપાસ એજન્સીઓને ડિજિટલ નાણાંકીય વ્યવહારોના પુરાવા મળ્યા છે, જે દર્શાવે છે કે હિંસા કરવા માટે વિદેશી સ્ત્રોતોમાંથી પૈસા મોકલવામાં આવ્યા હતા. આ પૈસાનો ઉપયોગ ભીડ એકઠી કરવા, સોશ્યલ મિડિયા પર ભડકાઉ સંદેશાઓ ફેલાવવા અને જમીન પર સંગઠનો બનાવવા માટે કરવામાં આવતો હતો. મુર્શિદાબાદ ઉપરાંત, નાદિયા, માલદા, ઉત્તર ૨૪ પરગણાં અને કૂચ બિહાર જેવા સરહદી જિલ્લાઓમાં હિંસા ફેલાવવાનું કાવતરું ઘડવામાં આવી રહ્યું છે.

સૂત્રોએ વિદેશી હસ્તક્ષેપને નકારી કાઢ્યો નથી અને કહ્યું છે કે જમાત-ઉલ-મુજાહિદ્દીન બાંગ્લા દેશ (JMB) અને હરકત-ઉલ-જીહાદ-અલ-ઇસ્લામી (HuJI) જેવાં જૂથો બાંગ્લા દેશ સરહદ અને સુંદરવન ડેલ્ટા સાથેના વિસ્તારોમાં શસ્ત્રો સપ્લાય કરી રહ્યાં છે. તાલીમ આપવા ઉપરાંત આ આતંકવાદી સંગઠનો કોમી ઉશ્કેરણીજનક પ્રચાર પણ કરી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સંગઠનો અશાંતિ ભડકાવવા અને ગભરાટ ફેલાવવા માટે અફવાઓ ફેલાવવા માટે વૈશ્વિક મિડિયાનો ઉપયોગ કરી રહ્યાં છે. આ CAA વિરોધ પ્રદર્શન દરમિયાન NRC ને મુસ્લિમોની નાગરિકતા છીનવી લેવા તરીકે પ્રચારિત કરવામાં આવ્યું હતું તેના જેવું જ છે. વિરોધ પ્રદર્શન દરમિયાન ધરપકડ કરાયેલાં લોકોનો પણ હીરો તરીકે મહિમા કરવામાં આવી રહ્યો છે.

હવે ગુપ્તચર સૂત્રોએ શોધી કાઢ્યું છે કે વક્ફ વિરુદ્ધ ચાલી રહેલા હિંસક વિરોધ પ્રદર્શનો વર્ષ ૨૦૧૯ માં સમગ્ર ભારતમાં CAA વિરુદ્ધ થયેલા વિરોધ પ્રદર્શનો જેવાં જ છે. જો સૂત્રોનું માનીએ તો, વક્ફ વિરોધ પ્રદર્શનોમાં પણ એક સમાન ટૂલકીટ છે. ટેલિગ્રામ, સિગ્નલ અને વોટ્સએપ જેવી મેસેજિંગ એપ્સનો ઉપયોગ વિરોધ પ્રદર્શનોનું આયોજન કરવા, જવાબદારી સોંપવા અને રીઅલ-ટાઇમ સૂચનાઓ શેર કરવા માટે થઈ રહ્યો છે. આ પ્લેટફોર્મ પરના એન્ક્રિપ્ટેડ જૂથોનો ઉપયોગ પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં પોલીસ સ્ટેશનો પર સંકલિત હુમલાઓ કરવા માટે કરવામાં આવતો હતો. નાકાબંધી, રેલ્વેના માળખા પર હુમલા અને સાંપ્રદાયિક સૂત્રો CAA વિરોધ પ્રદર્શનનાં મુખ્ય લક્ષણો હતાં. હવે વક્ફ સુધારા કાયદા સામેના વિરોધ પ્રદર્શન દરમિયાન પણ એવી જ સ્થિતિ પ્રવર્તે છે. વિરોધીઓ પથ્થરો, પેટ્રોલ બોમ્બ, ટાયર અને વાંસની લાકડીઓ વગેરેનો ઉપયોગ કરી રહ્યા છે. CAA વિરોધ પ્રદર્શન દરમિયાન હાવડામાં રેલ્વે ટ્રેક પાસે પથ્થરોનો મોટો જથ્થો છૂપાવાયેલો હતો. હવે વક્ફના વિરોધ દરમિયાન ફરી એક વાર આવું જ ચિત્ર જોવા મળી રહ્યું છે. પ્રદર્શનકારીઓ હિન્દુઓની દુકાનો, પોલીસ સ્ટેશનો અને રેલ્વે માળખાને નિશાન બનાવી રહ્યાં છે. આ બધું સાંપ્રદાયિક તણાવ વધારવા અને મિડિયાનું ધ્યાન આકર્ષિત કરવા માટે કરવામાં આવી રહ્યું છે. પોલીસ બર્બરતાના જૂના ક્લિપ્સના નકલી વિડિયોને ગુસ્સો ભડકાવવા માટે વર્તમાન અત્યાચાર તરીકે રજૂ કરવામાં આવી રહ્યા છે. ૨૦૨૪ ની એક વિડિયો ક્લિપનો ઉપયોગ કરીને દાવો કરવામાં આવી રહ્યો છે કે પોલીસે નમાજમાં હાજર લોકો પર ગોળીબાર કર્યો હતો. આ ક્લિપ વાયરલ થઈ તેના કારણે માલદામાં રમખાણો ફાટી નીકળ્યાં હતાં.

હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે મુસ્લિમો યુપી, બિહાર અને મહારાષ્ટ્રમાં પણ હાજર છે. તો પછી અહીંનાં મુસ્લિમો આટલાં બેફિકર કેમ છે? શું આ રાજ્યોમાં મુસ્લિમો રહેતાં નથી? ખરેખર, આખો ખેલ રાજકીય છે. મમતા બેનર્જીની મતબેંક મુસ્લિમો છે. મુસ્લિમો જ્યાં સુધી અસલામતી અનુભવે ત્યાં સુધી જ તેઓ મમતાને મત આપે છે, માટે રમખાણોમાં ઘી હોમાઈ રહ્યું છે.

ટુધ પોઇન્ટ
સમકિત શાહ

બહુમતી મુસ્લિમ વસ્તી ધરાવતો આ જિલ્લો ટીએમસીની મજબૂત વોટ બેંક છે. મમતા બેનર્જીની ફૂણી લાગણી આ વોટબેંકને ગુસ્સે ન કરવા માટે એક રણનીતિ છે

જાહેરનામું

ગુજરાત સરકાર
મહેસુલ, વિભાગ
સચિવાલય, ગાંધીનગર

(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ,૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો)

જિલ્લોઃ સુરત
તા. 27 MAR 2025
ક્રમાંકઃ અમ-મ-૨૦૨૫-૨૧૧ -જસત-૨૦૨૨-૫૬૬-ઘ

જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો)ની કલમ-૧૧ની પેટા કલમ-(૧) હેઠળ (હવે પછી તેનો "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવશે.) ગુજરાત સરકાર આથી જાહેર કરે છે કે આ સાથે જોડેલ અનુસુચિમાં બતાવવામાં આવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે "વાયડનીંગ એન્ડ સ્ટ્રેન્ધનીંગ મહુવા-અનાવલ રોડ કિ.મી. ૦/૦ થી ૧૫/૩ (કન્સ્ટ્રકશન ઓફ બ્રીજ એકોસ ઓલણખાડી વિલેજ વલવાડા કી.મી. ૧૭/૦ થી ૧૭/૨) મોજે. વલવાડા, તા.મહુવા, જી.સુરત"ના પ્રોજેક્ટ માટે જરૂર છે.

૨.આથી જાહેર કરે છે કેઃ

(૧) ઉપર જણાવેલ પ્રોજેક્ટ માટે જરૂરી જમીન કુલ ક્ષેત્રફળ હે. ૦૦-૦૨-૯૫ ચો.મી. છે અને તે મોજે. વલવાડા તા. મહુવા જિ. સુરત માં આવેલ છે.

(૨) ઉપર જણાવેલ પ્રોજેક્ટમાં નીચે મુજબના જાહેર હિતનો સમાવેશ થાય છે. ''વાયડનીંગ એન્ડ સ્ટ્રેન્ધનીંગ મહુવા-અનાવલ રોડ કિ.મી. ૦/૦ થી ૧૫/૩ (કન્સ્ટ્રકશન ઓફ બ્રીજ એકોસ ઓલણખાડી વિલેજ વલવાડા કી.મી. ૧૭/૦ થી ૧૭/૨) મોજે. વલવાડા, તા.મહુવા, જી.સુરત"ના આંતરમાળખાકીય પ્રોજેક્ટના બાંધકામ માટે.

(૩) અસરગ્રસ્ત વ્યક્તિઓને ખસેડવાની જરૂરના કારણો નીચે મુજબ છે. ''વાયડનીંગ એન્ડ સ્ટ્રેન્ધનીંગ મહુવા-અનાવલ રોડ કિ.મી. ૦/૦ થી ૧૫/૩ (કન્સ્ટ્રકશન ઓફ બ્રીજ એકોસ ઓલણખાડી વિલેજ વલવાડા કી.મી. ૧૭/૦ થી ૧૭/૨) મોજે.વલવાડા, તા.મહુવા, જી.સુરત'' માટે અનુસુચિત વિસ્તારની જમીન સંપાદનન કારણે.

(૪) સામાજિક અસરોના મુલ્યાંકન અહેવાલ સંક્ષિપ્તમાં નીચે મુજબ છે. ગુજરાત અધિનિયમ-૧૨/૨૦૧૬ની કલમ-૧૦(એ) હેઠળ મહેસુલ વિભાગના ગુજરાત સરકારના જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૨-૧૮૨- જસત-૨૦૨૨-૫૬૬-ઘ, તા. ૧૯/૦૪/૨૦૨૨થી મુક્તિ આપવામાં આવેલ છે. અધિનિયમની કલમ- ૧૦(એ) હેઠળ સામાજિક અસરોના મુલ્યાંકનનો સંક્ષિપ્ત અહેવાલ આપવો જરૂરી નથી.

(૫) અધિનિયમની કલમ-૪૩ હેઠળ નિયુક્ત કરવામાં આવેલ વહીવટદારની વિગતો નીચે મુજબ છે. ખાસ જમીન સંપાદન અધિકારી, શાખા નં. ૧, સુરત.

૩. આ જમીનોમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી જાણ કરવામાં આવે છે કે કોઇ પણ સર્વેયરને અથવા અન્ય કર્મચારીઓને આ જમીન પર દાખલ થવા અને જમીનનો સર્વે કરવા અટકાવવા નહી. આ જાહેરનામુ બહાર પાડ્યા કલેક્ટરની પરવાનગી વગર આ જમીનની કે તેના કોઇ ભાગની કોઇ પણ સ્વરૂપે તબદીલી જેમાં વેચાણ, ભાડા પટ્ટે આપવી, ગીરવે મુકવી, નામ બદલવું અથવા નોંધણીમાં ફેરફાર કરવા નહીં. જો તેમ કરવામાં આવે તો અધિનિયમની કલમ-૨૭ હેઠળ જમીન સંપાદનના વળતરનું મૂલ્યાંકન કરતી વખતે આવા ફેરફાર પર વિચારણા કરવામાં નહી આવે.

૪. ગુજરાત સરકારને જો ઉપર જણાવેલ જાહેર હેતુ માટે જમીન સંપાદન કરવા અંગે સંતોષ થશે તો સદરહું અધિનિયમની કલમ-૧૯ હેઠળ, અધિનિયમમાં નિયત કરેલ સમયમર્યાદામાંની અંદર આખરી જાહેરનામું બહાર પાડશે. જો સંપાદન કરવાનું આંશિક રીતે અથવા પુરેપુરી રીતે રદ કરવામાં આવે તો હકીકત અધિનિયમની જોગવાઈ યોગ્ય રીતે જાહેર કરવાની રહેશે. તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિધ્ધ કરવામાં આવશે. સંપાદન અંશતઃ કે પુર્ણતઃ જતું કર્યું હોય તો તે હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

૫. સદરહું અધિનિયમની કલમ- ૩ (જ) હેઠળ મળેલ સત્તાની રૂએ ખાસ જમીન સંપાદન અધિકારી, શાખા નં. ૧, સુરત ને અધિનિયમની જોગવાઈઓ હેઠળ આ જમીનો માટે કલેક્ટર તરીકે ફરજો બજાવવા માટે નિયુક્ત કરે છે.

૬. આ જાહેરનામા પ્રસિદ્ધિની તારીખથી ૬૦ દિવસની અંદર અધિનિયમની કલમ-૧૫ મુજબ જો કોઇને સંપાદન બાબતે વાંધો હોય તો તેઓ કલમ-૧૫ હેઠળ કલેક્ટર અથવા ખાસ જમીન સંપાદન અધિકારી, શાખા નં. ૧, સુરતને રજુઆત કરી શકશે.

અનુસૂચિ

જિલ્લોઃસુરત	તાલુકોઃમહુવા	મોજે. વલવાડા
ક્રમ	બ્લોક નંબર/ સર્વે નંબર	ક્ષેત્રફળ (હે.આરે. ચો.મી.)
૧	૮૫૬	૦૦-૦૨-૯૫
	કુલ	૦૦-૦૨-૯૫

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
(રાજ નમેરા)
સરકારના ઉપ સચિવ
ક્રમાંકઃ માહિતી-સુરત/૬૨/૨૦૨૫

ફક્ત રૂ. ૮૦/- થી શરૂ
જબરજસ્ત ડાયલોગ,એક્શન
જાટ
* સન્ની દેઓલ * ઉર્વશી રોતાલા * રણદીપ હુડા
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
ફુલ એક્શન થ્રીલર
સિકંદર
* સલમાન ખાન * રશ્મિકા મંદાના * શરમન જોષી
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ-બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

Surat Municipal Corporation (SMC)
"Surat Mahanagar Seva Sadan"
Gordhandas Chokhawala Marg, Muglisara, Surat - 395003, Gujarat
FIT INDIA
Bid is invited by SMC online on https://smctender.nprocure.com from the bidder meeting the basic eligibility criteria as stated in the respective bid document for below work:

Tender No.	Name of Work	Bid Start Date, Bid Fee & EMD
DC-ISD-Stationery-01-25	Bid for Procurement of Computer Pre-Printed Continuous / Cut-sheet Stationery	- Start Date: 16/04/2025 - Bid Fee: Rs. 2,832/- (Rs. 2,400 + 18% GST) - Rs. 60,000/-

Bidders are requested to visit https://smctender.nprocure.com or https://suratmunicipal.gov.in for details.
NO.P.R.O./36/2025-26 Deputy Commissioner
DT.15/04/2025 Surat Municipal Corporation

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્ય.બોર્ડ
નિવિદા નં.૧૭ સને ૨૦૨૪-૨૦૨૫ એસ.કે (બીજો પ્રયત્ન)

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, જલભવન, પહેલો માળ, અડાજણ પાણીની ટાંકી સુરત (ફોન નં. ૦૨૬૧- ૨૭૭૭૩૯૯) દ્વારા મરામત અને નિભાવણીને લગતા ૦૫ લાખની અંદરના કામો હયાત ૧. એકશન પ્લાન -૨૦૨૫-૨૦૨૬ મરામત અને નિભાવણી જલભવન અંતર્ગત ઓફીસ બીલ્ડીંગ ખાતેની હયાત વોટર કુલરના પાણી માટે તેમજ જરૂરી ફીટીંગ માલ- સામાન એચ.ડી.પી.ઇ. સ્ટોરજ ટાંકી માટે સર્વિસીંગ તથા રીપેરીંગ જરૂરી સ્પેર પાર્ટસ સહિત જલભવન ખાતે મ. અને નિ. કરવાના કામ કુલ એક (૦૧) આવા પ્રકારના કામોના અથોરાઇઝ ડીલર અથવા ઉત્પાદક કર્તા અનુભવી નોંધણીનું પ્રમાણપત્ર તથા રજીસ્ટ્રેશન ધરાવતા ઠેકેદારોશ્રીઓ પાસેથી આર.પી.એ.ડી કે સ્પીડ પોસ્ટથી તેમજ હાથોહાથ ભાવો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા.૨૧/૦૪/૨૦૨૫ ના રોજ ૧૮.૦૦ કલાક સુધીની અને ભરેલ ટેન્ડરો સ્વીકારવાની છેલ્લી તા.૨૮/૦૪/૨૦૨૫ ના રોજ ૧૬.૦૦ કલાક સુધીની રહેશે.

આવેલ સૌથી નીચા કે સઘળા ભાવો સ્વીકારવા કે રદબાતાલ કરવા તે સત્તા ધરાવતા અધિકારી અબાધિત રાખે છે. આ અંગે વિસ્તૃત વિગતો અને માહિતી ઉપરોક્ત કચેરી પરથી કચેરી સમય દરમ્યાન સંબધકર્તાઓએ મેળવવાની રહેશે. અને તે સર્વેને બંધનકર્તા રહેશે.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો હેલ્પલાઇન નંબર ૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.
ક્રમાંક : માહિતી-સુરત/૬૮/૨૦૨૫

સુરત મહાનગરપાલિકા
આકારણી અને વસુલાત વિભાગ
સને ૨૦૨૫-૨૬ નાં વર્ષ માટેની આકારણી અંગેની
જાહેર નોટિસ

બાબત : સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં આવેલ વેસ્ટ ઝોન (રાંદેર) ના વોર્ડ નં. ૧૬-એ, બી, સી, ડી (રાંદેર), ૧૭-એ, ૧૭ બી (અડાજણ) (લોકેશન ૩૬ થી ૯૯), ૩૮- એ,બી,સી,ડી,ઈ,એફ (જહાંગીરાબાદ), ૩૯- એ,બી,સી,ડી,ઈ(જહાંગીરપુરા), ૫૧- એ (સરકારી મિલ્કતો), ૯૨-એ (પાલ), ૯૩-એ (પાલનપુર), ૯૪- એ(વરિયાવ), સેન્ટ્રલ ઝોનનાં વોર્ડ નં. ૧-એ,બી,સી,ડી (નાનપુરા), ૪-એ,બી,સી,ડી (બેગમપુરા), ૫-એ,બી(હરીપુરા), ૬-એ,બી,(મહીધરપુરા), ૭-એ,બી,સી,ડી (સૈયદપુરા), ૮-એ,બી(ગોપીપુરા), ૧૦-એ,બી(સોની ફળીયા), ૧૧-એ,બી(મુગલીસરા), ૧૨- એ,બી(શાહપોર), ૫૨-એ (સરકારી મિલ્કતો),નોર્થ ઝોન (કતારગામ) નાં વોર્ડ નં. ૧૫ બી,સી,ડી,જી,એચ (ગોટાલાવાડી), ૧૯-એફ,જી,જે(કતારગામ), ૫૩-એ(સરકારી મિલ્કતો), ૬૧ -એ (અમરોલી), ૬૨-એ,બી (છાપરાભાઠા), ૬૩-એ,બી (કોસાડ), ૯૫-એ (ઉત્રાણ), ૧૦૮-એ (સેગ્વા સ્યાદલા), ૧૦૯-એ(વસવારી), ૧૧૦-એ,બી(ગોયાણ), ૧૧૧-એ(ઉમરા), ૧૧૨-એ,બી(ભરથાણા કોસાડ), ઈસ્ટ ઝોન-એ (વરાછા ઝોન-એ) નાં વોર્ડ નં.૧૮-એ,બી,સી,ડી,ઈ,એફ (વરાછા), ૨૦-સી (નાના વરાછા), ૨૨- એ,બી,સી (ઉમરવાડા), ૨૪- એ,બી (મગોબ), ૫૪-એ (સરકારી મિલ્કતો), ૬૪-એ,બી,એફ,જી,એચ (પુણા), ૭૨-એચ(મગોબ), ૧૩૧-બી(સણિયા હેમાદ), ૧૩૩-સી,ડી (સારોલી). ઈસ્ટ ઝોન-બી (વરાછા ઝોન-બી)નાં વોર્ડ નં. ૨૦-એ(નાના વરાછા), ૬૪- ડી,ઈ(પુણા), ૬૯-એ(સીમાડા), ૭૦-એ (સરથાણા), ૭૧-બી,સી(મોટા વરાછા), ૧૨૪-એ(વાલક), ૧૨૫- એ,બી,સી,ડી,ઈ (વેલંજા), ૧૨૮-એ (કઠોર), ૧૩૦- એ (લસકાણા), ૧૩૨-એ (પાસોદરા), સાઉથ ઝોન-એ (ઉધના-એ) નાં વોર્ડ નં. ૧૪ એ (ખટોદરા), ૨૭- એ,બી,સી,ડી,ઈ(ઉધના), ૩૦-એ,બી,સી(પાંડેસરા), ૩૧-એ,બી,સી (બમરોલી), ૫૫-એ(સરકારી મિલ્કતો), ૬૮-એ,બી,સી,ડી,ઈ (બમરોલી), ૭૫-એ,બી,સી,ડી,ઈ(વડોદ), સાઉથ ઝોન-બી (કનકપુર) નાં વોર્ડ નં. ૭૪-એ(સોનારી), ૭૬-એ,બી,સી(જીઆવ), ૭૭-એ,બી(ગભેણી), ૭૮-એ,બી(બુડીયા), ૧૦૨-એ(સચીન), ૧૦૩-એ(કનસાડ), ૧૦૪-એ(પારડી-કણદે), ૧૦૫-એ(તલંગપોર), ૧૦૬ એ (પાલી), ૧૦૭-એ(ઉબેર), ૧૫૮-એ(સરકારી મિલ્કતો) સાઉથ વેસ્ટ ઝોન (અઠવા) ના વોર્ડ નં. ૧૩-એ,બી,સી(અઠવા), ૩૬ -એ(ઉમરા), ૩૭-એ(પીપલોદ), ૫૬-એ(સરકારી મિલ્કતો), ૭૯ -એ(ભીમરાડ), ૮૦-એ(સરસાણા), ૮૧-એ(ખજોદ), ૮૩-એ(વેસુ), ૮૪-એ(આભવા), ૮૫-એ(રૂંઢ), ૮૬-એ(મગદલ્લા), ૮૭-એ(ગવીયર), ૮૮-એ(વાટા), ૮૯-એ(ડુમ્મસ), ૯૦-એ(ભીમપોર), ૯૧-એ (સુલતાનાબાદ), ૧૦૧-એ (કાદી ફળિયા) સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત) ના વોર્ડ નં. ૨૫-એ,બી,સી(લીંબાયત), ૫૭-એ(સરકારીમિલકતો), ૪૧-એ,બી,સી,ડી,ઈ(ઉમરવાડા), ૬૫-એ,બી,સી,ડી(ગોડાદરા), ૬૬-એ,બી,સી,ડી (પરવત), ૭૨ એ (મગોબ), ૭૩ એ,બી,સી,ડી,ઈ(ડીંડોલી), ૧૨૨-એ(કુંભારીયા) વિસ્તારોમાં આવેલ ઈમારતો / જમીનો /જગાઓના સંદર્ભમાં સને ૨૦૨૫-૨૬ નાં નાણાંકીય વર્ષની શરૂઆતથી અમલમાં આવતી ''આકારણીની ચોપડી'' બાબત.

(૧) સને ૧૯૪૯ ના મુંબઈના પ્રાંતિક મહાનગરપાલિકાઓના અધિનિયમ (સને ૧૯૪૯ ના મુંબઈ અધિનિયમ ક્રમાંક-૪૯) ની અનુસૂચિ-ક ના પ્રકરણ-૮ અન્વયેના કરવેરાના નિયમોના નિયમ-૨૧ ના પેટા નિયમ (૧) અન્વયે ઠ